# 35 છાપકામ

**હેતુ :** બાળકના સર્વાંગીણ વિકાસમાં છાપકામ દ્વારા સુશોભનનું કૌશલ્ય કેળવાશે. કુદરતી વસ્તુઓનો ઉપયોગ કરીને છાપકામ કરવાથી છાપકામની કળા વિકસે છે.

**સાધનો :** ભીંડાનું કાપેલું ડીડકું, દૂધીની આડી ચીરી, કાગળનો ડૂચો, સ્પંજ, સુતળી, દોરી વગેરે.

રંગ, પેન્સિલ, રબર, પાણી, પીંછીની મદદથી છાપકામના નમૂના ઉપસાવી શકાય છે.

**કાર્ય :** ચિત્રપોથીના એકથી બે પેજમાં છાપકામના નમૂનાઓ બનાવો.

**દા.ત.** ભીંડાને કાપી તેની ચિકાસવાળી સપાટી સાફ કરી તેના પર જળ રંગો લગાડી છાપ પાડી શકાય. આવી રીતે અન્ય પદાર્થોના ઉપયોગ કરી છાપકામ કરવું.







